ગાંધીનગર સમાચાર





સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લોકડાઉન કરાવી પહેલાં તો થયા ભૂરાયા!
ને નાગરિકો બિચારા ઘરના પાંજરે પૂરાયા!
ને થયા હાલ બૂરા, માસ્કનો દંડનો મારખાઈ -
હવે નેતાઓ ખૂદ ચરે જાણે ઢોર હરાયા!
(ગાઈડલાઈનને નિયમોના ધજાગરા)

### હાઈકુ

ફેલાવે ચેપ!
કોરોના પ્રચારકો -
નિર્ભય બની...
(નેતાઓ ચૂંટણી પ્રચાર)

ભરો ત્રભાણું -
મત, આપી સત્તાનું -
પછી છો મરો!
(કોરોના વિકાસ કાર્યકરો)

## ચિંતન

ધનટીનો ન ચ હીનશ્ચ ધનિક સ સુનિશ્ચિયઃ ।
વિદ્યા રત્ને ન હીનો યઃ સ હીનઃ સર્વવસ્તુષુ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

વિદ્યાને અર્થ (ધન) થી મોટું ધન બતાવતાં કહ્યું છે કે ધનહીન વ્યક્તિ હીન ન કહેવાય. તેને ધનવાન જ સમજવો જોઈએ. જે વિદ્યા રત્નથી હીન છે, આખરે તે જ બધી વસ્તુઓમાં હીન છે.

મતલબ એ છે કે જો વિદ્વાન ગરીબ છે, તો તેને હીન ન માની શકાય, બલ્કે તે શ્રેષ્ઠ જ ગણાય છે. વિદ્યાહીન મનુષ્ય બધા જ ગુણોથી હીન જ કહેવાય છે ભલે પછી તે ધનવાન જ કેમ ન હોય. કારણ કે વિદ્યાથી ગુણ અથવા હુન્નરથી વ્યક્તિ કમાણી કરી શકે છે. આથી વ્યક્તિએ વિદ્યારૂપી કમાણી કરવી જોઈએ, કોઈ હુન્નર શિખવું જ જોઈએ જેથી તેને ધનની પ્રાપ્તિ થાય અને તે પોતાના જીવનને આવશ્યકતા અનુસાર ચલાવી શકે.

## સુવિચાર

- જયાં સુધી ભોગબુદ્ધિ ત્યાં સુધી ભેદ બુદ્ધિ - **બોધિવૃક્ષ**
- કોઈની ટીકા કરીએ ત્યારે આપણી ઓછી અક્કલનું માપ પણ ન નીકળી આવે તેની ખાસ તકેદારી રાખવી - **મોરારજી દેસાઈ**
- ઉત્તમ વસ્તુની ઉત્પત્તિ ઉચ્ચ સ્થાનોમાંથી જ થાય છે, ચંચળ અને ચમકતી વીજળીની ઉત્પત્તિ પર ધરતીના તળિયેથી થોડી થાય છે? - **કવિ કાલિદાસ**
- મન સબર પર સવાર હૈ, મન કે હાથ ન પાંવ, જો મન પર અસવાર હૈ, સૌ હૈ વિરલા કોઉ - **બોધિવૃક્ષ**
- બુરાઈ શું છે? સ્વાધીનતાનો દુરુપયોગ જ બુરાઈ છે, મન, વાણી અને કર્મથી બુરાઈરહિત થવું એ જ સત્સંગ છે - **સ્વામી શરણાનંદ**
- જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય ઉત્તમ જહાં વિચાર, એ ભાવે શુભ ભાવના, એ ઉતરે ભવપાર - **શ્રીમદ્ રાજચંદ્ર**
- આજનું ઔષધ : સફરજનના જયુસમાં પાંચ ગ્રામ કપૂર ઓગળીને પીવાથી વીંછીનું ઝેર ઉતરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

ઝેન સન્યાસીની રેન્ગેત્સુની પરમ પદને પામી ગઈ હતી. તે યાત્રા એ નીકળી હતી. સૂર્યાસ્ત સમયે એક ગામ પહોંચી. કડકડતી ઠંડી હતી. ભૂખ પણ લાગી હતી. રાત્રિ નિવાસ માટે એણે ગામ લોકોની વિનંતી કરી. ગામ લોકોએ આશરો આપવાની જગ્યાએ તેને તરત ગામ છોડી જવાની ધમકી આપી. ગામની બહાર એક ઘટાદાર વૃક્ષ નીચે સન્યાસિનીએ આરામ કરવા વિચાર્યું. શિયાળાની રાત, નિર્જન સીમાડો. પણ રેન્ગેસ્તુનીને નીંદર આવી ગઈ. અડધી રાત્રે આંખ ખુલી અને જોયું તો વસંતની રાતે ખુલ્લા આકાશ નીચે ખીલેલા ઝાકળ ભીના ચેરીના ફૂલ જાણે ઉજળા ચંદ્રમા સામે સ્મિત વેરી રહ્યા હતા!! કુદરતના આ અલૌકિક સૌંદર્યને જોઈને રેન્ગેત્સુ પુલકિત થઈ ગઈ. કુદરતની અદ્‌ભૂત શોભા જોઈ ગામની દિશા તરફ જોઈને હાથ જોડીને મનોમન ગામના લોકોનો ઋણ સ્વીકાર કર્યો, કારણ કે ગામ લોકોએ આશરો ન આપ્યો એટલે જ આ નિસર્ગ દર્શનનો આનંદ એ માણી શકી. ગામલોકો ના નિર્ણય પ્રત્યે એને ખેદ ન થયો પણ સહજભાવે સ્વીકાર કર્યો, માત્ર સ્વીકાર જ નહીં સ્વાગત કર્યું. જીવનની દરેક ઘટનાનો સાભાર સ્વીકાર કર્યો, એને માણો. ધીમે ધીમે આ સ્વીકારભાવ તમારો સ્વભાવ બની જશે. તમારું આધ્યાત્મિક રૂપાંતરણ થશે. પરિસ્થિતિ કોઈ પણ હોય, તમારો આનંદ, તમારો અહોભાવ ખંડિત ન થાય તો જ સમજવું કે કંઈક વાસ્તવિક ઘટ્યું છે. અન્યથા એ કલ્પના માત્ર છે.

# કુટિલ રાજનીતિનો વધુ એક પરચો

### તંત્રીસ્થાનેથી...

કોરોના વાઈરસની જેમ કેન્દ્ર સરકાર જેની પાછળ પડે છે એનું ધનોતપનોત કરાઢીને જંપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહે ભારતને કોરોના મુક્ત કરવા કરેલા પ્રયત્નો કરતાં અનેકગણી જહેમત દેશને કોંગ્રેસ મુક્ત કરવા ઉઠાવી છે. એમ કરવાં જતાં એમને કોઈ પ્રસ્થાપિત મૂલ્યો કે લાજશરમ નડી નથી. કર્ણાટક અને મધ્યપ્રદેશમાં ધારી સફળથા મળી. રાજસ્થાનમાં ખુદ ભાજપનું જ વસુંધરા રાજે ગ્રુપ નડ્યું અને સચીન પાઈલટનો પનો ટૂંકો પડ્યો નહીંતર કર્ણાટકના કોંગ્રેસ સમર્થિત મુખ્યમંત્રી કુમાર સ્વામી અને મધ્યપ્રદેશના કોંગ્રેસી મુખ્યમંત્રી કમલનાથની જેમ રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક દહલોતનો પણ ઘડોલાડવો થઈ ગયો હોત. પુડુચેરીમાં કોંગ્રેસના પીઢ નેતા નારાયણ સામી મુખ્યમંત્રી તરીકે શાસન ચલાવી રહ્યા હતા. ત્યાં ભારતીય જનતા પાર્ટીને તો હજી પ્રવેશ સુધ્ધાં નથી મળ્યો. પરંતુ વિપક્ષના સહયોગમાં ત્રણ નિયુક્ત ધારાસભ્યો સ્વરુપે અને ઉપરાજયપાલ કિરણ બેદીની ઉપસ્થિતિના માધ્યમથી ભારતીય જનતા પાર્ટી એની હાજરી પુરાવી રહી હતી. ડીએમકે અને અપક્ષ ધારાસભ્યોના ટેકાથી નારાયણ સામીને નેતૃત્વ હેઠળ કોંગ્રેસ સરકારનું ગાડું ગબડતું હતું પરંતુ સૌને ખબર હતી કે દિલ્હીના ડાઘિયા ટાંપીને બેઠા છે. આખરે જે થવાનું હતું તે થઈને રહ્યું છે અને પક્ષપલટા કરાવીને તેમ જ કેસરિયા ખેસ પહેરાવીને કેન્દ્રના મોવડીમંડળે ધાર્યું નિશાન પાડી દીધું છે. કિરણ બેદીને દિલ્હી પ્રદેશની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મુખ્યમંત્રી પદનાં દાવેદાર તરીકે મેદાનમાં ઉતાર્યા હતા. એમને કયાંક ગોઠવવાં પડે એમ વિચારી કેન્દ્ર સરકારે પુડુચેરી જેવા અર્ધરાજયમાં લેફટેનંટ ગર્વનર તરીકે નીમીને ત્યાં ભારતીય જનતા પાર્ટીનું વાતાવરણ ઊભું કરવાની જવાબદારી સોંપી હતી. વફાદાર સેવકની જેમ પૂર્વ આઈપીએસ ઓફિસર કિરણ બેદીએ પીઢ કોંગ્રેસી મુખ્યમંત્રી નારાયણ સામીને ડગલે ને પગલે હેરાન પરેશાન કરવામાં કશી મણા રાખી નહોતી. કેજરીવાલને જેમ દિલ્હીના ઉપરાજયપાલો એક યા બીજા બહાને નડતા કનડતા રહે છે એમ પુડુચેરીનાં ઉપરાજયપાલ નારાયણ સામીના નાકે દમ લાવતા રહ્યાં હતાં. આખરે મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ મોદી સમક્ષ કિરણ બેદીની આડોડાઈ સબબ ફરિયાદ કરી હતી. અલબત્ત, પ્રથમ દૃષ્ટિએ એમ જ લાગે કે કોંગ્રેસી સરકારને હટાવવા પહેલાં ઉપરાજયપાલને પાણીચું પકડાવીને નરેન્દ્ર મોદીએ લોકતંત્રને વશવર્તી પગલું ભર્યું છે. પરંતુ એમનો એક મુદ્દાનો કાર્યક્રમ તો પુડુચેરીની સરકારને ગબડાવવાનો હતો. જેથી કોંગ્રેસના ગઢ ગણાતા દક્ષિણ ભારતમાં કોંગ્રેસના નામનું ‘રામ બોલો ભાઈ રામ’ થઈ જાય. કિરણ બેદી આત્મલક્ષી સેલિબ્રિટી હતા, એમને કોઈ ને કોઈ બહાને લાઈમ લાઈટમાં રહેવાનું ગમતું હતું. મોદીએ એમનું ગજું માપી લીધું અને મુદ્દત પૂરી થાય એ પહેલાં જ નિવૃત્ત કરી દઈ એમની હેસિયત બતાવી દીધી. નારાયણ સામી કે કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરી પોતાની જ પાર્ટીના સિનિયર ધારાસભ્યોને સાચવી ન શક્યા. એથી ફલોર ટેસ્ટ પૂર્વે જ નારાયણ સામી એમના સમર્થક ધારાસભ્યો સાથે વોકઆઉટ કરી ગયા. આગામી થોડાક જ મહિનાઓમાં પુડુચેરીની વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. તેલંગાણાનાં રાજયપાલ તમિલીસાઈને પુડુચેરીના ઉપરાજયપાલનો વધારાનો ચાર્જ પણ સોંપાયો છે. આ એક દૂરંદેશીવાળું રાજકીય પગલું છે. તમિલસાઈ ભાજપનાં રાષ્ટ્રીય મહામંત્રી રહી ચૂક્યાં છે. તમિલનાડુમાં ભાજપ નિશાન પર લોકસભાની ચૂંટણી લડીને હારેલા છે. ભારતીય જનતા પાર્ટી માટે દક્ષિણ ભારતનું પ્રવેશદ્વાર યેદિયુરપ્પા જેવા કન્નડ નેતાએ ખોલી આપ્યા પછી એની નજર તમિલનાડુમાં અન્નાદ્રમુકની સહયોગી પાર્ટી તરીકે સત્તામાં ભાગીદારી કરવાની છે. કેરળમાં એણે એણે મેટ્રો વિભૂતિ શ્રીધરનનો ચહેરો આગળ ધર્યં છે. બંગાળ પર ‘તોપમારો’ ચાલુ છે. દરમિયાન ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઊંટ કયા પડખે બેસે છે, એ જોવું રસપ્રદ બની રહેશે.

# વિજયી સ્મિત સાથે કૃણાલ ઝડપભેર ઘર તરફ ચાલતો થયો



નવાં કલેવર
નટવર હેડાઉ

કોરોના વાયરસનું સંક્રમણ હવે તો ઘણું ઘટી રહ્યું છે. તે સાથે રસીકરણ પણ વધી રહ્યું છે. જેથી જનજીવન થાળે પડતું આપણે અનુભવી રહ્યા છીએ. પરંતુ આ વાત લોકડાઉન સમયની છે.

કોરોના સંક્રમણથી બચવા લોકડાઉનની જાહેરાત થઈ હતી. પોલીસ દ્વારા બજારો અને દુકાનો બંધ કરાવવામાં આવી રહી હતી. દુકાનો, હોટલો અને રેસ્ટોરન્ટના શટર ધડાધડ પડી રહ્યા હતા. તે સમયે કિશોરવયનો એક છોકરો રાધે સ્વીટ્સની દુકાન સામે આવ્યો તેનું નામ કૃણાલ હતું. તેણે જોયું કે દુકાન બંધ થઈ રહી છે. તે ત્યાં ઊભેલા સિક્યોરિટી ગાર્ડને અંદર જવા દેવા માટે વિનવવા લાગ્યો. તેણે કહ્યું કે મારે સુગર ફ્રી સોન પાપડી લેવી છે.

સુરક્ષાગાર્ડે તેને કહ્યું કે દુકાન બંધ થઈ રહી છે. તેથી તું હવે લોકડાઉન ખૂલે પછી આવજે.

કૃણાલ આજીજી કરવા લાગ્યો.

‘પ્લીઝ, મને એક પેકેટ સુગર ફ્રી સોનપાપડી અપાવી દો ને, મારા દાદા માટે એ મીઠાઈ દવાથી કમ નથી.’

આ સાંભળી સુરક્ષાગાર્ડ ચોંકી ગયો. તેણે કડક સ્વરે કહ્યું, ‘ભાગ અહીંથી પછી આવજે. કેવી વાત કરે છે. ડાયાબિટીશ વાળા માટે મીઠાઈ દવા કયારની થઈ ગઈ.’

કૃણાલ ચાલતો થયો. પણ થોડીવારમાં ફરી પાછો આવ્યો. દુકાનનું અર્ધુ શટર ખુલ્લું હતું. બજારમાં ચારે તરફ સન્નાટો છવાયેલો હતો. કૃણાલ ફરી વિનંતી કરવા લાગ્યો.

‘જૂઓ, છેલ્લા એક વર્ષથી હું અહીંથી જ સુગર ફ્રિ સોન પાપડી લઈ જાઉં છું. શહેરમાં બીજે કયાંક મળતી હશે કે નહીં તેની મને ખબર નથી. મારા દાદા મધુપ્રમેહની કડવી દવા ઉપર સુગર ફ્રી સોનપાપડી ખાય છે. કેમ કે તે ખૂબ જ વૃદ્ધ છે, તેમના દાત મજબૂત નથી.’

બીજીવાર આ છોકરાને આવેલો જોઈ અને તેની વાત સાંભળી સુરક્ષા ગાર્ડ જરા નરમ પડ્યો. પરંતુ ત્યાં સુધીમાં પોલીસની ગાડી આવી ચૂકી હતી. લાઉડ સ્પીકરથી જાહેરાત થવા લાગી. ‘સો પોતપોતાના ઘરમાં રહો.’ કોઈ ભેગા થઈ ટોળે વળે નહીં.’

પોલીસને પોતાની તરફ આવતાં જોઈ કૃણાલે સીધી પોલીસને જ વિનંતી કરી. ‘સર, જેવી રીતે મેડિકલ સ્ટોર ખુલ્લાછે તે રીતે થોડીવાર માટે મીઠાઈની આ દુકાન ખોલાવી દો. મારા દાદા માટે સુગર ફ્રી મીઠાઈ એ જ દવા છે. પ્લીઝ શર, કંઈક કરો, તેઓ તેના વીના કડવી દવા ગળી નહીં શકે.’

પોતાના વૃદ્ધ દાદા પ્રત્યેનો આવો આદરભાવ અને લાગણી જોઈ જીપમાં બેઠેલા પોલીસ અમલદાર ગળગળા થઈ ગયા. તેમણે સંવેદનશીલતા બતાવતાં ફક્ત દુકાન ખોલાવડાવી. એટલું જ નહીં પણ એક પેકેટ સુગર ફ્રી સોનપાપડી છોકરાને અપાવી. કૃણાલે તેમનો આભાર વ્યક્ત કર્યો. તે સાથે તેની આંખમાં આંસુ આવી ગયા.

પોલીસ અધિકારી મામલાની ગંભીરતા સમજી કહ્યું, ‘બેટા, પોલીસ કાયદો તોડનાર ઉપર લાઠી ચલાવે એ તેની ફરજ છે. પરંતુ માનવતા ખાતર જનસેવાનું કામ પણ કરે છે.’

કૃણાલે કહ્યું, ‘જી, સર, અમને આપ જેવા પોલીસ અધિકારીઓ પર ગર્વ છે. આપનો ખૂબ ખૂબ આભાર, અમે પણ લોકડાઉનનું સંપૂર્ણ પાલન કરીશું.’

વિજયી સ્મિત સાથે કૃણાલ ઝડપભેર ઘર તરફ ચાલતો થયો. જાણે કોરોના સામનો જંગ જીતી ગયો હોય.

# તેઓ અંગત સ્વજનનાં મૃત્યુ સમયે પણ મન મૂકીને રડી શકતા નથી



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

ભાવ-શૂન્યતા કે આનંદ-અભાવ જેવી મનોવૃતિ ધરાવતી વ્યકિતનો મનોદશા અને મનોવ્યથા વિષે અગાઉના લેખમાં વિસ્તૃત ચર્ચા કરી. એક સુખી સંયુક્ત કુટુંબનાં ત્રણ ભાઈઓમાંથી એક વચલા ભાઈનું ઉદાહરણ લઈને આ પ્રકારની માનસિકતા ધરાવતી વ્યક્તિનાં લક્ષણો વિષે પણ ચર્ચા કરી. અગાઉના આ વિષયના બે લેખો વાંચ્યા પછી કેટલાક મિત્રો અને ભાવકોએ મારી સાથે વાત કરી કે આ પ્રકારની વ્યક્તિ આપણાં કુટુંબમાં પણ હોય શકે, આપણાં સ્નેહી-સંબંધી પણ હોય શકે. એ સંજોગોમાં એવી વ્યકિતને આ પ્રકારની માનસિક્તામાથી રાહત આપવા માટે આપણે શું કરવું જોઈએ એના વિષે લખવાનું સૂચન કર્યું.

આપણે જાણીએ છીએ કે આ પ્રકારની મનોદશા ધરાવતી વ્યક્તિ એકદમ અલાયદી હોય છે, એ ગમે ત્યારે મૂંગી મંતર થઈ બેસી રહેતી હોય છે. સામાન્ય વ્યકિતને સામાજીક સંબંધો થકી જે આનંદ અને ખુશી મળતા હોય છે એ આનંદ અને ખુશી આ પ્રકારની વ્યક્તિ લૂંટી શકતી નથી. આવી વ્યક્તિ સંબંધોને ક્યારેય ગંભીરતાથી લઈ શકતી નથી. તે પોતાનાં સંબંધીઓ અને સમાજથી હંમેશા દૂર રહેવાનું જ પસંદ કરતી હોય છે. તેમના વર્તન અને વ્યવહાર ક્યારેક આપણી સમજ બહારનાં હોય છે. તેઓનાં ચહેરા ઉપર હંમેશા ભાવ-શૂન્યતા જ દેખાતી હોય છે. એ વ્યક્તિનાં જીવનમાં બધુ જ હોવા છતાં જાણે એવું અનુભવતી હોય છે કે જાણે પોતાના જીવનમાં એકદમ ખાલીપો થઈ ગયો છે. આ પ્રકારની મનોદશા ધરાવતી વ્યક્તિની ભાવ-શૂન્યતા તેમનાં જીવનમાં એટલી હદે ઘર કરી ગયેલી હોય છે કે તેઓનાં અંગત સ્વજનના મૃત્યુ સમયે પણ તેઓ મન મૂકીને રડી પણ શકતા નથી.

આ પ્રકારની વૃતિને કારણે એ વ્યક્તિ પોતે તો દુઃખી થતી હોય છે પણ સાથેસાથે પોતાના કુટુંબીજનોને પણ દુઃખી કરતી હોય છે. આપણે જાણીએ છીએ કે આ પ્રકારના વર્તનને કારણે એ કુટુંબના અન્ય સભ્યોને પોતાનાં સંબંધીઓ સામે ઘણીવાર ક્ષોભજનક કે શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડતુ હોય છે, અંગત કુટુંબીજનોને પણ તેમનાં કારણે ઘણું સહન કરવું પડતું હોય છે.

આ પ્રકારની વ્યક્તિના કુટુંબીજન તરીકે આપણે તેમનાં સ્વભાવને ઓળખી ગયા હોઈએ છીએ એટલે તે જેમ કરે તેમ કરવા દઈએ છીએ. આવી વ્યક્તિ પ્રત્યે આપણે એવો અભિપ્રાય બાંધી લેતા હોઈએ છીએ કે ‘એ તો એવી છે.’

જે કોઈ વ્યકિત આ પ્રકારની મનોદશા ધરાવતી હોય છે તેનાં રોજ-બરોજનાં વ્યવહારમાં તે એકદમ સામાન્ય જ લાગતી હોય છે. બહુ નજીકથી સુક્ષ્મ રીતે અવલોકન કરીએ, તેમના વર્તન-વ્યવહારનું વિશ્લેષણ કરીએ તો જ એ વ્યકિતની મનોદશા વિષે સાચો ખ્યાલ આવી શકે છે. આ કારણસર જ એવી વ્યકિતને “એ તો તેમનો સ્વભાવ જ છે” કેવું કહીને આપણે તેની મનોદશાની અવગણના ના કરી શકીએ. તેની અવગણના કરીને આપણે પરોક્ષ રીતે તેને એક પ્રકારની સજા આપીએ છીએ. આવું કરવાને બદલે તેમનાં સ્વભાવમાં, તેની મનોદશામાં પરીવર્તન લાવવા માટે આપણે તેને મદદ કરીએ.

વ્યક્તિની આ પ્રકારની મનોવૃતિ તેના વ્યક્તિત્વનો એક ભાગ બની ગઈ હોય છે. હા વ્યક્તિએ વ્યક્તિએ તેની તીવ્રતા વધારે- ઓછી હોય શકે છે. એ મનોવૃતિ જ્યારે ખૂબ જ વધુ તીવ્ર બને છે ત્યારે તેને આપણે માનસિક રોગ તરીકે ઓળખીએ છીએ. વ્યક્તિ જ્યારે માનસિક રોગનો શિકાર બને છે ત્યારે તેને પરિસ્થિતી જે હોય તે પણ આ પ્રકારની માનસિકતમાંથી છોડાવવા માટે આપણે પ્રયત્નો કરવા પડે છે.

આ પ્રકારની વ્યક્તિમાં રાતોરાત હકારાત્મક પરિવર્તનની અપેક્ષા રાખીએ તો એ ખોટું છે. તેમનામાં સકારાત્મક પરીવર્તન લાવવા માટે આપણે ખૂબ જ ધીરજથી કામ લેવું પડે. ‘ઉતાવળે આંબા ના પાકેલ્ર એ કહેવત અહી પણ એટલી જ લાગુ પડે છે. ખૂબ લાંબો સમય ધીરજ ધરીને સતત પ્રયત્નો કરતાં રહેવાથી સફળતા ચોક્કસ મળે છે એ વાત ઉપર આપણે દ્રઢ વિશ્વાસ રાખવો જોઈએ.

આ પ્રકારની વ્યક્તિ પોતાની લાગણી શૂન્યતાને કારણે સમૂહમાં એક પ્રકારની શરમ અને સંકોચ અનુભવતી હોય છે. તે સમૂહમાં જો ખુલ્લીને વાત પણ ન કરી શકતી હોય તો પછી તે પોતાની લાગણીઓને કેવી રીતે અભિવ્યક્ત કરી શકે? આવી વ્યક્તિ સમૂહમાં ભળે અને ખુલ્લીને વાત કરી શકે તે માટે તેને સમજાવી, પટાવી, વિશ્વાસમાં લઈને તેને વારંવાર લોકો વચ્ચે લઈ જવી જોઈએ. જેથી કરીને તેમનો સંકોચ દૂર થાય. આપણે પોતે પણ તેમની સાથે સમૂહમાં રહીને તેમની ઓળખ આપીએ, તેમની ખૂબીઓની, તેમની ખાસ કોઈ આવડતની, તેમનાં અભ્યાસની, તેમના જ્ઞાનની, તેમના અનુભવની, તેમની કુશળતાની, તેમની કળા-કારીગીરીની સમૂહમાં પ્રશંશા કરીએ તો તેમનાં સંકોચ અને શરમ ઓછા થઈ શકે અને તેમનો આત્મવિશ્વાસ વધારે મજબૂત બની શકે. એકવાર વ્યક્તિનો સંકોચ દૂર થાય પછી જ તે પોતાની લાગણીઓ અભિવ્યકત કરવા માટે સક્ષમ બનતી હોય છે.

આ પ્રકારની વ્યક્તિની એક ખાસિયત હોય છે કે તે પોતાના સંબંધોમાં કાં તો કોઈ ઉપર આધારિત રહેવાનુ વધારે પસંદ કરતી હોય છે અથવા તો કોઈ ઉપર પોતાનો સત્તાધિકાર ભોગવવાનું વધારે પસંદ કરતી હોય છે. આ બેમાંથી કોઈપણ પ્રકારની તેની માનસિકતા હોય પણ કોઈપણ વ્યક્તિ સાથેનાં તેનાં સંબંધો તો ઉપરછલ્લા જ રહેતા હોય છે. એ વ્યક્તિ જો આપણાં ઉપર વધારે આધારિત રહેવાનુ પસંદ કરતી હોય તો એમ, અને જો આપણાં ઉપર પોતાનો સત્તાધિકાર ભોગવવાનું પસંદ કરતી હોય તો એમ, બંને પરિસ્થિતિનો આપણે સ્વીકાર કરીને એ રીતે આપણે તેમની સાથે વર્તન અને વ્યવહાર કરવો જોઈએ. આપણે આવું કરીએ તો જ તે આપણને સમજી શકે અને આપણે તેને સમજી શકીએ. સંબંધોમાં એકબીજાને સમજી શકવાથી ઘણી સમસ્યાઓ આપમેળે એચએએલ થઈ જતી હોય છે.

આ પ્રકારની વ્યક્તિને તેની મનોદશામાંથી બહાર લાવવા માટે આપણે પ્રયત્ન કરતાં હોઈએ ત્યારે એક વાતનું ખાસ ધ્યાન રાખવું પડે કે એ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એવો અહેસાસ પણ ના થવો જોઈએ કે પોતે આ પ્રકારની માનસિકતાનો શિકાર બની ગઈ છે. એ વ્યક્તિને જો પોતાની માનસિકતાની ખબર પડી ગઈ તો આપણાં બધા જ પ્રયત્નો વ્યર્થ જશે. ઉલટાનું કદાચ એવું પણ બને કે એ વ્યકિત આપણી સામે જ ખુલ્લો બળવો પોકારે. આપણે આપણું વર્તન એકદમ સામાન્ય રાખીને ચૂપચાપ તેને મદદ કરતાં રહેવું વધારે હિતાવહ છે.

આ પ્રકારની વ્યક્તિની કુટુંબમાં અવગણના ન કરીએ પણ તેને સૌ સાથે હળવા-મળવામાં પ્રોત્સાહન આપીએ. કેટલાક સામાજિક વ્યવહારોની તેને જવાબદારી સોંપીએ. ક્યારેક એ વ્યક્તિ પોતાને સોંપેલી સામાજિક જવાબદારીમાં નિષ્ફળ પણ જાય, તો એ સમયે જો બાજી બગડી ગઈ હોય તો તેને આપણે સાંભળી લઈએ. તેમને જેટલી વધારે સામાજિક જવાબદારીઓ સોંપીશું એટલી વધારે ઝડપથી એ વ્યક્તિની માનસિકતા સકારાત્મક બનશે.

આપણાં કુટુંબીજનો કે નજીકના સ્નેહી-સંબંધીમાંથી કોઈ વ્યક્તિ આ પ્રકારની માનસિકતાનો ભોગ બને ત્યારે તેને આપણાં સિવાય બીજું કોણ ઉગારી શકે? એ આપણી જ જવાબદારી બને છે અને એ જવાબદારીને ઉત્સાહભેર, ગંભીરતાથી ઉપાડી લઈએ. એ જવાબદારી નિભાવવામાં આપણે સફળ થઈશું જ એવો દ્રઢ વિશ્વાસ રાખીએ.

# અમે બચપણના વિનોદ ના માણ્યા બચપણમાં



મનના ઉમંગો
રણછોડ પરમાર

તા૧૦/૦૨/૨૦૨૧ ના “અજબ સવાલોના ગજબ જવાબો” નામના લેખમાં જાન્યુઆરી-૨૦૨૧ના ઓળખ સામયિકમાં પ્રગટ થયેલા કેટલાક વિચિત્ર પ્રશ્નો અને તેના ઉત્તારોની થોડીક વાતો કરી હતી.એ જ લેખમાં મેં શ્રી રણજીતરામ મહેતાના પુસ્તકમાંના “ બચપણના વિનોદો” નામના લેખનો ઉલ્લેખ કર્યો હતો. આજે એ લેખમાંથી કેટલીક વાનગી આપની સમક્ષ રજૂ કરું છું.

જૂના જમાનામાં બાળકો કેવી કેવી રમતો રમતા હતા અને એ રમતોના કેવાં કેવાં ગીત હતાં એની સવિસ્તર વાતો રણજીતરામે તેમના લેખમાં કરી છે. બાળકોની રમતોની સાથોસાથ તેમના જ્ઞાનકૌશલ અને બુદ્દિશક્તિ વધે તે માટે જાતજાતનાં ઉખાણાં એકબીજાને પૂછવામાં આવતાં હતાં. આપણો સમાજ મોટેભાગે ગ્રામીણ સમાજ હતો. શહેરમાં વસતા લોકો પણ યેનકેન પ્રકારે ગામડાંઓ સાથે જોડાયેલા રહેતાં હતાં. એટલે ઘણા બધા ઉખાણાં કૃષિસમાજના અને ગામડાની ચીજ વસ્તુઓને લગતા હોય તે સ્વાભાવિક છે. જુવો પહેલું જ ઉખાણું મારી વાતને સમર્થ આપે છે.

(૧) લીલી ટોપી કાળા ઝભ્ભા, આવ્યાં રે પરદેશી સગાં.

યાદ આવે છે શ્રી ચારસો વીસનું પેલું યાદગાર ગીત ? “ ઈચક દાના, બિચક દાના, દાની ઉપર દાના.” એમાં એક કડી આવે છે,: “છોટીસી છોકરી લાલબાઈ નામ હૈ; પહને વો ઘાઘરા , એક પૈસા દામ હૈ.”એટલું બોલી હિરોઈન પૂછે છે, “ બોલો ક્યા ? “ એનો જવાબ “મિર્ચી” સાંભળી કેટલી મઝા આવે છે ! એ આખુ ગીત આવા ઉખાણાંથી ભરેલું છે. નિરાંતે સાંભળવા જેવું છે. હવે તમને ઉપરના ઉખાણાનો જવાબ સૂઝ્યો કે નહીં? ના પત્તો ખાતો હોય તો છેલ્લે જવાબ આપ્યા છે જોઇ લો. બીજા બે ઉખાણા અસલ આના જેવા જ છે.

(૨) રણવગડામાં રાતા ખીલા. (૩)રણવગડામાં લોહીનાં ટીપાં. અમારી બાજુ (૩) નંબરનો સવાલમાં ” વાડે વાડે લોહીનાં ટીપાં “એવું પૂછે છે. બંનેનો જવાબ સરખો જ છે.

(૪)કડકડ પાન, કડી કડી બીડી, માંહ્ય રમે કાળી કીડી. (૫)ધોળી ધરતી, કાળા ચણ્યા; હાથે વાવ્યા ને મોઢે લણ્યા. (૬)દેશ ફરે, પરદેશ ફરે, રાજા રાણી વાતું કરે.

ઉપરનાં ત્રણે ઉખાણાં લખવા વાંચવા સાથે સંબંધ ધરાવે છે. બહુ સરસ ઉખાણાં છે. તમને એ બહુ ગમશે. પોષ્ટકાર્ડ હવે ઝાઝાં લખાતાં નથી. લાખો લોકો એવા હશે જેમણે કદી પોષ્ટ કાર્ડ ના તો લખ્યું હશે, ના કદી વાંચ્યું હશે. છતાં ધૂમકેતુની યાદગાર વાર્તા બધાને યાદ આવી જશે.

(૭)રણવગડામાં હોલો હિંચકે.

(૮)ગોટકોક વાણિયો, ગોટકુક પેટ, પેટ પછાડે પથરા હેઠ.

(૯)ગોટકોક વાણિયો, ગોટકુક પેટ, હરે ફરે ને નેવાં હેઠ.

(૧૦)આડુ નાંખું, પાડુ નાંખું, પાડાનો પગ વાઢી નાંખું, તોય પાડુ દૂઝે.

(૭) નંબરનું ઉખાણું આગળ આવી ગયેલાં ઉખાણા ક્રમાંક (૨) અને (૩) જેવું જ છે.પણ એનો જવાબ શાકભાજીમાં આવતો નથી એટલે અહીં લખ્યું છે. તે રીતે (૯) નંબરનો જવાબ પણ જરા જુદો પડી જાય છે.

(૧૦)એક જનાવર અરડ, તેની ચાંચ બોલે ચરડ, તેનું માથું મુડદાલ, તેનું પૂંછડું પંદર હાથ.

(૧૧)એક જનાવર ઈતૂ, પૂંછડે પાણી પીતું.

(૧૨)ચાંચ વડે ચણતું, એ જાનવર કદી ના મરતું.

(૧૩)ગોઠણ જેવડી ગાવડી, નીરે એટલું ખાય.

(૧૪)પિત્તળ પહેરે પદમણી, ચાલે ઝાકમઝાળ; વસવાયાં ઘેર નીપજે, હોય રાજદરબાર.

ઉપરનાં પાંચેપાંચ ઉખાણાં એકદમ જૂના ગ્રામસમાજનાં છે. છતાં જરાક વિચાર કરતાં જો જવાબ જડી જશે તો આનંદ આનંદ થઈ જશે,જો કે અંગ્રેજી માધ્યમના બાળકોને તો જવાબ જડ્યા પછીયે સમજ પડે તો પડે.

(૧૫)અહીંથી નાંખ્યો વાલોણીઓ, ને ઊગ્યો અમદાવાદ, ફૂલફાલ માંડવે ને શીંગ ઝાલાવાડ.

(૧૬)આખા નવખંડમાં બે ઓધા.

(૧૭)બટકુક રોટલો ને કળશી કરમદાં.

(૧૮)વણકર વિના વણીઆં ચીર, બીબાં વિના પાડી ભાત; તે વણઝારાની કઈ જાત ?

ઉપરનાં ચારે ઉખાણાંમાં આપણા પુરાતન સમાજે એવી અદભુત કલ્પના ચગાવી છે એ સાંભળીને વાહ વાહ બોલાઈ જ જાય !

જો હજુ આપને જવાબો ના સૂઝ્યા હોય તો જોઈ લો જવાબો.

(૧) રીંગણ, (૨)ગાજર, (૩) ચણોઠી, (૪) કાગળ અને અક્ષર, (૫)લખાણ, (૬) કાગળ એટલે કે પોષ્ટ કાર્ડ,(૭) નારિયેળ(૮) સોપારી,(૯) આંખના ડોળા, (૧૦) થોર, (૧૧)દીવો, (૧૨) દાતરડું, (૧૩) ઘંટી, (૧૪) પટારો, (૧૫) સૂર્ય, (૧૬) સૂરજ અને ચાંદો, (૧૭) ચંદ્ર અને તારા, (૧૮) મોર

છેલ્લે એક સરસ ઉખાણું પૂછું છું, એનો જવાબ મળે તો નીચેના નંબરે મોકલજો.

પડી પડી પણ ભાંગી નહીં,
એના ટૂકડા થયા બેચાર;
વગર પાંખની ઊડી ગઈ
તમે ચતુર કરો વિચાર.

-ranchhod15653@gmail.com